# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૪-૦૪-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## SVEEP-મતદાર જાગૃતિ કાર્યક્રમો :

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અમિત અરોરા અને નાયબ ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચ્છ અને જિલ્લા SVEEP નોડલ અધિકારી બી.એમ.વાઘેલા નેતૃત્વ હેઠળ સમગ્ર SVEEPની વિવિધ પ્રવૃતિઓ દ્વારા મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

કચ્છમાં મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃતિ આવે તે માટે તાજેતરમાં આદિપુર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કચ્છની કચેરી દ્વારા બનાવવામાં આવેલા સેલ્ફી પોઇન્ટના માધ્યમથી મતદાન જાગૃતિ અંગે પ્રવૃતિઓ કરવામાં આવી હતી.સૌ મતદારોએ સેલ્ફી પોઇન્ટના માધ્યમથી **"હું મતદાન અવશ્ય કરીશ"** નો સંદેશ ફેલાવ્યો હતો.

આ ઉપરાંત અબડાસા તાલુકાના વરાડીયા ગામમાં મતદાન જાગૃતિ અંતર્ગત 'vote for india " થીમ પર પ્રવૃતિ કરવામા આવી હતી.દિવ્યાંગ મતદાર અને વરિષ્ઠ મતદારની બી.એલ.ઓ. ધ્વારા મુલાકાત લઇ અને મતદાનનુ મહત્વ સમજાવવામાં આવ્યુ હતું.જયારે નાની ખાખરના વિદ્યાર્થીઓ દ્વારા મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશ નાગરિકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

**માહિતી ખાતું**

---

## કચ્છ-ઈવીએમ વીવીપેટ ફાળવણી :

કચ્છમાં લોકસભાની સામાન્ય ચૂંટણીની આખરી તૈયારીઓ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા ચાલીરહી છે.કચ્છમાં નિયુક્ત કરવામાં આવેલા પોલીંગ સ્ટાફના પ્રથમ  રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.લોકસભા ચૂંટણી માટે મતદાન કરાવવાની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લાના ૧૮૪૫ મતદાન મથકો ખાતે ઉપયોગમાં લેવાનાર ઈવીએમ અને વીવીપેટનું આજથી રેન્ડમાઈઝેશન કરાયા બાદ આવતીકાલથી મતદાન કરવા માટે ઉપયોગમાં લેવાનાર ઇવીએમ તેમજ વીવીપીએટીની ફાળવણી કરવામાં આવશે.મતદાનની તારીખ પૂર્વે દરેક વિધાનસભા બેઠકને ફાળવવામાં આવેલા કુલ ઈવીએમ અને વીવીપીએટીનું ફરીથી દ્વિતીય રેન્ડમાઈઝેશન કરાશે અને તેના આધારે ક્યા નંબરનું યંત્ર ક્યા મતદાન મથકે જશે તે નિર્ધારીત કરાશે.

**NP-નેહલ ઠક્કર**

---

## કચ્છ- હેરોઈન જથ્થો :

પૂર્વ કચ્છ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ભચાઉ ગાંધીધામ હાઇવે પરથી 64.20 ગ્રામના હેરોઇનના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે.જપ્ત કરવામાં આવેલા હેરોઇનની કિંમત આશરે 32 લાખ રૂપિયા છે.વધુમાં મળતી માહિતી મુજબ ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતેના એનડીપીસી એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**RNU અમદાવાદ**

---

## લખપત-હડપ્પા સંસ્કૃતિ અવશેષો :

કચ્છના સરહદી લખપત તાલુકાના ખટિયામાં પડદા બેટમાં કેરાલા યુનિવર્સિટીના પુરાત્વીય વિભાગ દ્વારા ખોદકામ કરાતાં 5 હજાર 200 વર્ષ જૂના હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે,સ્થાનિક રેતિયા પથ્થરમાંથી બનેલા ગોળ અને લંબચોરસ આકારના મકાનના પાયા પણ મળી આવ્યા છે.કેરાલા યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.અભયન જી.એસ. અને ડો.રાજેશ એસ.વી.ના માર્ગદર્શન હેઠળ ખોદકામ કરાયું હતું.ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહથી લઇ માર્ચ મહિનામાં આ ખોદકામ કરવામાં આવ્યું હતું.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-આંચકો :

આજે સવારે નવ વાગીને 12 મીનીટે ભચાઉ તાલુકાના નેર વિસ્તારમાં 2.8ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.ભચાઉથી 14 કિલોમીટર દૂર તેનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું.ઉલ્લેખનીય છે કે,કચ્છમાં સમયાંતરે ભૂકંપના આંચકાઓ અનુભવાતા રહે છે.ગત ગુરૂવારે પણ આ જ વિસ્તારમાં 2.9ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો

**RNU અમદાવાદ**

---

## પોલીસ વિભાગ-ભરતી માટે અરજી :

પોલીસ વિભાગના પીએસઆઈ, લોકરક્ષક, કોન્સ્ટેબલ અને જેલ સિપાઈ સહિતની જગ્યાઓ પર ભરતી માટે આજે બપોરે 3 વાગ્યાથી 30 એપ્રિલ સુધી અરજી કરી શકાશે.પોલીસ ભરતી બોર્ડે કુલ બાર હજાર,472 જગ્યાઓ માટે ભરતીની

જાહેરાત કરી છે.આ જાહેરાત મુજબ ઓજસ વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.

**RNU અમદાવાદ**

---

## ખાણ જાગૃતિ દિવસ :

આજે આંતરરાષ્ટ્રીય ખાણ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.આજના દિવસ દર વર્ષે જમીન ખાણો સંબંધિત પ્રવૃત્તિઓ,માનવતા માટે તેમના જોખમો અને તેનાથી બચવાના ઉપાયો વિશે જાગૃતિ ફેલાવવા માટે ઉજવવામાં આવે છે.

આ વખતે આંતરરાષ્ટ્રીય ખાણ જાગૃતિ દિવસની વિષયવસ્તુ છે–જીવન સંરક્ષણ,શાંતિ નિર્માણ.દર વર્ષે આ દિવસે સંયુક્ત રાષ્ટ્રના સમર્થન સાથે વિવિધ સંસ્થાઓ ખાણો અને વિસ્ફોટકો દ્વારા ઉભા થતા જોખમોને ઘટાડવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે.

**RNU અમદાવાદ**

---

## આઈપીએલ :

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.મેચ ભારતીય સમય અનુસાર સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------------------------------

## હવામાન :

પશ્ચિમ કચ્છમાં આજ સવારથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. વહેલી સવારે ગાઢ વાદળો છવાયા હતા.જીલ્લામથક ભૂજ સહિતના અનેક વિસ્તારોમાં હળવા છાંટા પડ્યા હતા. હજુ કચ્છમાં બે દિવસ વાદળછાયું વાતાવરણ જોવા મળશે.

**RNU** અમદાવાદ

------------------------------------------------------------------------------------------------